આસપાસ ચોપાસ

લાખણપોર

માળખાગત સુવિધા

પાણીની ટાંકી
શાળા
આરોગ્ય કેન્દ્ર
આંગણવાડી
બસ સ્ટેન્ડ

જતીન દેસાઈ દ્વારા નિર્મિત ગુજરાતનું સૌથી મોટું પિરામિડ આધ્યાત્મિક અને ઊર્જાનું અદભૂત કેન્દ્ર



ગામમાં તાજેતરમાં જતીન દેસાઈ દ્વારા નિર્મિત પિરામિડ સમગ્ર વિસ્તારમાં લોકો માટે આકર્ષણનું અને આસ્થાનું કેન્દ્ર બન્યો છે. આ પિરામિડની સ્થાપના પાછળ એક રસપ્રદ અને પ્રેરણાદાયી યાત્રા રહેલી છે, જેણે અનેક લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવ્યા છે. જતીન દેસાઈએ જર્ની ટુવર્ડ્સ ટુ પાથ (સત્યના માર્ગ તરફનું પ્રયાણ) નામના ઓનલાઇન ઝૂમ વર્કશોપમાં ભાગ લીધા બાદ પોતાના જીવનમાં આવેલા સકારાત્મક બદલાવો અનુભવ્યા હતા. આ અનુભવ પછી તેમણે વધુ ઊંડાણપૂર્વક ધ્યાન સાધના શરૂ કરી. બેંગ્લુરુ અને હૈદરાબાદ જેવાં મોટાં શહેરોમાં આવેલા વિશાળ પિરામિડ્સની મુલાકાત લીધા બાદ અને બુધ પૂર્ણિમાના અવસરે બેંગ્લુરુ પિરામિડમાં રાત્રિ રોકાણ કર્યા પછી તેમને પિરામિડની દિવ્ય ઊર્જાનો અહેસાસ થયો હતો. આ અનુભવથી પ્રેરિત થઈને તેમણે પિરામિડ સ્પિરિચ્યુઅલ સોસાયટી મૂવમેન્ટ (PSSM)ના સ્થાપક પત્રિજી સાથે મુલાકાત કરી હતી. જેમણે છેલ્લાં 40 વર્ષથી હોસ્પિટલ્સ, શાળાઓ અને જેલોમાં જઈને ધ્યાનનો પ્રચાર કર્યો છે. જતીનભાઈએ સૌપ્રથમ પોતાના ઘરની ઉપર પિરામિડ બનાવ્યો હતો. તેનાં સકારાત્મક પરિણામો મળ્યા બાદ તેમણે વર્ષ-2023માં લાખણપોર ગામે આ મોટા પિરામિડનું નિર્માણ કાર્ય શરૂ કર્યું હતું, જેનું ઉદઘાટન 20 ડિસેમ્બર-2023ના રોજ થયું હતું. ત્યારબાદ 21 ડિસેમ્બર-2025 (ધ્યાન દિન)ના રોજ પિરામિડ પરિસરમાં એક લાઈબ્રેરીનું ઉદઘાટન એન.જે.ઇન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર જીગ્નેશભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદઘાટન સમારોહમાં પૂર્વ ધારાસભ્ય પીયૂષભાઈ, વાંકલ ચેરિટેબલ ટ્રસ્ટના સંજય દેસાઈ, પાટીદાર સમાજ સુરતના પ્રમુખ મુકેશભાઈ તેમજ અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પિરામિડ સંકુલમાં આગામી સમયમાં રહેવાની વ્યવસ્થા, કોન્ફરન્સ હોલ અને ભોજન માટેની સુવિધાઓ વિકસાવવાનું ભવિષ્યનું આયોજન પણ ચાલી રહ્યું છે. આ પિરામિડ 24 કલાક મફત ધ્યાન કરવા માટે ખુલ્લો રહે છે. અહીં એસી અને મ્યુઝિક સિસ્ટમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. પિરામિડના વૈજ્ઞાનિક માપદંડ (જેમ કે 51 ડિગ્રી 52 મિનિટનો ખૂણો) આસપાસની બ્રહ્માંડીય ઊર્જાને એકત્રિત કરીને અંદર બેસનાર વ્યક્તિને સામાન્ય ધ્યાન કરતાં દસગણી વધુ ઊર્જા પ્રદાન કરે છે. અહીં અનેક એવા કિસ્સા બન્યા છે જે આશ્ચર્યજનક છે. સ્ટેજ-4 કેન્સરથી પીડિત એક ૩૫ વર્ષીય બહેનને ડોક્ટરોએ હાથ ઊંચા કરી દીધા હતા, પરંતુ અહીં નિયમિત પિરામિડમાં બેસવાથી તેમને અતિશય રાહત મળી છે. અહીં જ નોકરી કરતા એક ભાઈને હાઈપર શુગરની તકલીફ હતી, જે પિરામિડમાં નિયમિત બેસવાથી નીલ (સામાન્ય) થઈ ગઈ છે. આ પિરામિડનો મુખ્ય હેતુ આજુબાજુના લોકો સુધી ધ્યાનના પ્રચાર-પ્રસાર દ્વારા તેમને શાકાહારી બનાવવાનો છે. ગ્રામ્ય વિસ્તારના લોકો હવે મોટી સંખ્યામાં આ પિરામિડની દિવ્ય ઊર્જાનો લાભ લેવા આવી રહ્યા છે. ગોકુલ પિરામીડ ચેરિટેબલ ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓ તરીકે જતીનકુમાર રમણલાલ પટેલ, અજયભાઈ બળવંતરાય નાયક, ડો.નિશાબેન નિકુંજ વિઠલાણી, આશાબેન વત્સલકુમાર દેસાઈ, સુભાષચંદ્ર ભીખુભાઈ પટેલ, પંકજકુમાર રમણભાઈ ભક્ત, નયંતીકાબેન જતીનભાઈ પટેલ, શિલ્પાબેન સંજયભાઈ પ્રધાન, ડો.નિરાલીબેન સનતકુમાર આસોદરીયા, ડો.ખુશાલી વિજયકુમાર લુખી અને ભાવિનાબેન જયદીપભાઈ દેસાઈ સેવારત છે.

વણઝારા ભાઈઓનો વારસો અને ગામની સ્થાપના

લોકવાયકા અને ગામના વડીલોના જણાવ્યા અનુસાર સદીઓ પહેલાં લાખા અને પાતા નામના બે વણઝારા ભાઈઓ આ વિસ્તારમાં આવ્યા હતા. આ બંને ભાઈઓએ પોતાના વસવાટ દરમિયાન અહીંની જમીન અને ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ માનીને કાયમી વસવાટ કરવાનું નક્કી કર્યું. મોટા ભાઈ લાખાએ જે વિસ્તારમાં પોતાનો ડેરો જમાવ્યો અને ગામ વસાવ્યું તે વિસ્તાર આજે 'લાખણપોર' તરીકે ઓળખાય છે, જ્યારે નાના ભાઈ પાતાએ પડોશમાં જ જે ગામની સ્થાપના કરી તે બિલકુલ પાડોશમાં આવેલું 'પારડીપાતા' તરીકે પ્રચલિત બન્યું હતું. જોકે, લાખણપોર ગામમાં વર્તમાન સમયે વણઝારાઓ દ્વારા બનાવવામાં આવેલી કોઈ વાવ, કૂવો કે તળાવ જેવા જળસ્ત્રોતની નિશાનીઓ બચી નથી, પરંતુ તેઓ દ્વારા નિર્મિત એક પ્રાચીન કોટ (દીવાલ) આજે સદીઓ વીતી ગયા પછી પણ અડીખમ ઊભો છે. આ પ્રાચીન કોટ આ ગામના મૂળ સ્થાપકોની અને ઐતિહાસિક અસ્તિત્વની ગવાહી આપે છે. લાખણપોર ગામનો વસવાટ આશરે ૪૦૦ વર્ષ જૂનો માનવામાં આવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો, ઉત્તર ગુજરાતના સિદ્ધપુર વિસ્તારમાંથી પાટીદાર પરિવારો અહીં આવીને સ્થાયી થયા હતા. પાટીદારોની સાથે સાથે હળપતિ સમાજના લોકો પણ અહીં આવ્યા હતા અને કાળક્રમે મિસ્ત્રી (પ્રજાપતિ) સમાજના લોકો પણ બહારથી આવીને આ ગામમાં વસ્યા. આમ, વિવિધ સમુદાયોના સમન્વયથી આ ગામનું વર્તમાન સામાજિક માળખું ઘડાયું છે.

ઘરે ઘરે શૌચાલયથી સ્વચ્છતા વધી

સ્વચ્છ ભારત અંતર્ગ ગામમાં ગંદકી ન ફેલાય એ માટે પણ ગ્રામ પંચાયત દ્વારા ખાસ ખ્યાલ રાખવામા આવી રહ્યો છે. ગામનાં લગભગ તમામ ઘરોમાં શૌચાલય બનાવવામાં આવ્યાં છે. સાથોસાથ કેટલાંક ફળિયાની બહાર જાહેર શૌચાલય પણ બનાવવામાં આવ્યાં છે. જેથી કરીને શૌચક્રિયા માટે કોઈએ બહાર જવું ન પડે. આ તમામ કાળજી ઉપરાંત ગામમાં ગંદકી ન ફેલાય એ માટે ગ્રામજનોને માર્ગદર્શન પણ આપવામાં આવે છે. સ્વચ્છતા બાબતે ગામને 2011માં પલસાણા તાલુકામાં નિર્માણ ગ્રામનો પુરસ્કાર પણ મળ્યો હતો.

લાખણપોર ગામમાં વર્ષો જૂનો કોટ આજે પણ અડીખમ

લાખણપોર ગામમાં આશરે દોઢસોથી બસો વર્ષ પૂર્વ વણઝારા દ્વારા બનાવવામાં આવેલ કોટ આજે પણ અડીખમ ઊભો છે. ગામની સુરક્ષા માટે બનાવાયેલા આ કોટની અંદર ગામની એક ફળિયું વસેલું છે. ગ્રામજનોની વખતો વખતની દેખરેખ ને કારણે વર્ષો જૂનો કોટ આજે પણ પોતાની જાહોજલાલીનું દર્શન કરાવતો નજરે પડે છે.

તાલુકા મથક પલસાણા સુધી જવા વાહન વ્યવહારની સુવિધાનો અભાવ

લાખણપોર ગામ પલસાણા તાલુકામાં આવતું હોવા છતાં ગામના લોકોને તાલુકા મથક સુધી જવામાં મુશ્કેલી પડે છે. ગામમાં નવસારી અને બારડોલી તરફથી એસટી બસની સુવિધા હોવા ઉપરાંત રોડ માર્ગે સીધું બંને શહેરમાં જઇ શકાતું હોય, ગામના લોકોનો મોટા ભાગનો વ્યવહાર બારડોલી અને નવસારી શહેર સાથે છે. લોકો નોકરી ધંધાર્થે પણ નવસારી અને બારડોલી ઉપરાંત સુરત પર નિર્ભર છે. બીજી તરફ તાલુકા મથક માત્ર 7 કિમી દૂર હોવા છતાં ગામમાંથી સીધો કોઈ વાહન વ્યવહાર ન હોવાથી લોકોને આવવા જવામાં મુશ્કેલી પડે છે. ત્યારે તાલુકા મથકને જોડતી બસ સુવિધા ઊભી કરવામાં આવે તેવી માંગ પર કરવામાં આવી રહી છે.

ગામમાં જ ધોરણ-1થી 12 સુધી શિક્ષણની સુવિધા ઉપલબ્ધ

ગામમાં શિક્ષણની સુવિધા અંગે વાત કરવામાં આવે તો અહીં આંગણવાડીથી લઈને ધોરણ-12 સુધીની સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં બે આંગણવાડી અને એક ધોરણ-1થી 8 સુધીની સરકારી પ્રાથમિક શાળા આવેલી છે. જ્યારે ગામની લગોલગ આવેલા પારડીપાતા ગામમાં હાઈસ્કૂલ આવેલી હોય વધુ અભ્યાસ માટે ગામના વિદ્યાર્થીઓ ત્યાં જતા હોય છે. ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓએ બારડોલી, નવસારી કે સુરત જેવાં શહેરોમાં જવું પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગામની પ્રાથમિક શાળાની બિલકુલ સામે જ ર.ના.પટેલ હાઈસ્કૂલ આવેલી છે. જોકે, આ હાઈસ્કૂલ પારડીપાતા ગામની હદમાં આવે છે. જ્યારે પ્રાથમિક શાળા લાખણપોરમાં પડે છે.

2001ની સરખામણીએ 2011ની વસતીમાં 27.2 ટકાનો ઘટાડો

વર્ષ-2001ની સરખામણી 2011ની વસતી ગણતરીના 10 વર્ષ દરમિયાન ગામની વસતીમાં 27.2% ઘટાડો થયો છે. 2001ની વસતી ગણતરીમાં કુલ વસતી 1464 હતી. જે હાલ 1066 જેટલી છે. ગામની મહિલા વસ્તીમાં 27.9%નો, જ્યારે પુરુષોની વસતીમાં 26.4%નો ઘટાડો નોંધાયો છે. વસતી ઘટાડા પાછળ શહેરીકરણ અને વિદેશ ગમનને પણ માનવામાં આવી રહ્યું છે. ઉપરાંત નોકરી ધંધાના શોધખોળ માટે શહેર તરફ પણ લોકો પ્રયાણ વધ્યું હોવાનું જાણવા મળે છે.

(માહિતી સંકલન અને તસવીરઃ ઈલ્યાસ શેખ, પલસાણા)